ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૭૧/૨૨-૨૩/ 826 તારીખ : 28 APR 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે.રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટ લી.,**
**એમ.ડી.હાઉસ, પ્લોટ નં-૨૭૧૫/એ,**
**વાઘાવાડી રોડ,**
**ભાવનગર.**

કેસ નં.૭૧/૨૨-૨૩

**મો.નં- ૮૨૩૮૦ ૪૧૧૧૧**

**વિષય : સિકયુરીટી ડિપોઝીટ પરનું વ્યાજ કેન્સલ કરી આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૫/૧૨/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૧૨/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૨-૨૩/૩૯૭૫ તા.૧૪/૧૨/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૨-૨૩/૪૦૦૦ તા.૧૬/૧૨/૨૦૨૨.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૨-૨૩/૪૨૧૭ તા.૩૦/૧૨/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૧/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

O/C

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૭૧/૨૨–૨૩** ☜

વાદી :– **મે.રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટસ લી.,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૨/૦૧/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી વિક્રમભાઈ શાહ (વાદીના અધિકૃત પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એસ.જી.પંચાલ,નાયબ ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર તથા શ્રી એસ.આર.ચૌધરી, સુપ્રિ.ઓફ એકા., ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

મે.રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટસ લી., મું.ભાવનગર, તા.જી.ભાવનગરની સિકયુરીટી ડિપોઝીટ પરનું વ્યાજ કેન્સલ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૧/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૧/૨૨–૨૩/૩૯૭૫ તા.૧૪/૧૨/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૨/૦૧/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે મે.રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટસ લી વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી વિક્રમભાઈ શાહ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.જી.પંચાલ,નાયબ ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર તથા શ્રી એસ.આર.ચૌધરી, સુપ્રિ.ઓફ એકા, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

We are a company registered under company's act and engaged in manufacturing of steel billets, TMT bars and related products and having our subject plant situated at Plot No. Survey No.144/1 & 2 and 145/1, Ghanghali Road, Village : Nesda, Tal : Sihor, Dist : Bhavnagar.

We are EHT consumer with PGVCL (Rural) Division, Bhavnagar having connection No.24027 and contract demand of 25750 KVA under HTP4 tariff.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**Fact of the Case :**

As a part of our security deposit a bank guarantee for Rs.3,08,64,287/- is provided on 07.11.2019 in line with GERC (Security Deposit) Regulation -2005 notified vide notification No.8 of 2005 and its subsequent amendments.

The bank guarantee is having time period of 2 years and claim period of 3 years.

On expiry of the above mentioned bank guarantee, the respondent the Executive Engineer(Rural), PGVCL, Bhavnagar had asked for fresh bank guarantee for replacing the same.

In response to the request a fresh bank guarantee of Rs.3,88,12,414/- as asked by the respondent is submitted on 27.09.2022.

To our surprise, an interest amount of Rs.32,97,827/93 is debited in our bill of October-2022 as interest for late submission of security deposit.

Against this interest on security deposit against late submission of bank guarantee we are filing this application with Hon'ble Consumer Forum in line with GERC Regulations 2 of 2019.

## Ground for Representation :

I. The Gujarat Electricity Regulatory Commission had notified GERC (Security Deposit) Regulation – 2005 vide notification No.8 of 2005.
   I. As per Regulation 4.2 and 4.3 of the above,
      4.2 The HT consumers shall at all times maintain with teh licensee an amount equivalent to consumption charges of one and half months as security towards the electricity supplied / to be supplied, against any default in payment during the period the agreement for supply of electricity is in force.
      4.3 The amount payable towards security shall be in the form of cash or demand draft(DD) drawn in favour of the licensee.

A notification 3 of 2015 by Hon'ble Commission titled as GERC(Security Deposit) (Second amendment) 2015 issued an amendment for above Clause 4.3.

Amendment to Clause 4.3
Claus 4.3 of the Principle Regulations shall be submitted by the following.

"The amount payable towards security shall be in the form of cash or demand draft(DD) drawn in favour of the licensee. The consumer whose total amount of security deposit exceeds Rs.25 Lacs may at his option, furnish the security deposit in the form of irrevocable bank guarantee initially valid for a period of two years. Such bank guarantee shall be from a nationalized or scheduled commercial bank. It shall be the responsibility of the consumer to keep the bank guarantee valid at all times and to renew the bank guarantee at least 2 months prior to its expiry."

III . As per above regulation a bank guarantee for Rs.3,08,64,287/- is provided on 07.11.2009 **(Annexure-4)** as per format approved by the respondent office.

Point No.11 of the Bank guarantee is reproduced below for your ready reference please.
11. Now with standing anything contained herein above our liability under this guarantee is restricted to Rs.3,08,64,287/- (Rupees Three Crore Eight Lakhs Sixty Four Thousand Two hundred Eighty Seven Only) as the date of demand. This guarantee shall remain in force until expiry dated i.e 05.11.2021. Unless demand or claims under this bank guarantee are made to us in writing on or before claim expiry date 05.11.2022 all your rights under this bank guarantee shall be released and discharged from all liabilities there under.

In other word, the banks is liable to pay all claims up to claim expiry date 05.11.2022.
IV. We have provided fresh bank guarantee for Rs.3,88,12,414/- on 22.09.2022 **(Annexure-5)** before expiry of the claim period of previous bank guarantee on 05.11.2022.

V. In other word, we have maintained the security deposit throughout the time duration and not a single day is lapsed without security deposit in our connection as per Regulation 4.2.

VI. To our shock an surprise, we received the bill of October-2022 **(Annexure-2)** with debit note of Rs.32,97,827/93 against due to expire bank guarantee 2021-22 period dt.06.11.2022 to dtd.26.09.2022 surcharge debit in Oct-2022.

VII. We asked for the detailed calculation of this so called surcharge which was provided by the respondent vide is letter No.BRD/AC/REV/7919 dtd.29.10.2022 **(Annexure-3)** where monthly interest is shown and mentioned that as we had submitted the bank guarantee late, the charges are collected as per GERC Regulations.

VIII. The Regulation 4.13 of GERC Regulations for security deposit 2005 says that,
4.13 The consumers shall pay the further security deposit within thirty days from the date of service of the demand notice issued by the licensee. If there is any delay in payment the consumer shall pay surcharge thereon at 0.25 % per week or at such rate as may be fixed by the commission from time to time.

In our case the respondent had considered that we had not provided required security deposit from the last date of the bank guarantee but the last date of claim period is not considered. As per explained above, the new bank guarantee is submitted before last date of claim period so there no question of debiting surcharge for delay in payment.

**Prayer :**

A) Hon'ble CGRF is requested to quash the debit note of Rs.3297827/93 issued against surcharge for delayed submission of security deposit.
B) The energy bill for the month of October-2022 should be revised accordingly.
C) Any relief Hon'ble CGRF deemed fit to be granted to us.

P.G.V.C.L. Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

મે. રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટસ લી.એચ.ટી ગ્રાહક નં–૨૪૦૨૭ દ્વારા સંદર્ભ પત્ર નં–બીઝેડ/ફોરમ/૭૧/૨૨–૨૩/૩૯૭૫ તા.૧૪/૧૨/૨૦૨૨ થી નામદાર ફોરમમાં સીકયોરીટી ડિપોઝીટ પર નું વ્યાજ કેન્સલ રદ કરવા બાબત અંગેની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

કેસ નં–૭૧/૨૦૨૨–૨૩ માં પીજીવીસીએલ ની રજૂઆત નીચે મુજબ છે.

(૧) એચ.ટી.કનેકશન નં–૨૪૦૨૭ મે.રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટસ લી. ૨૫૭૫૦ કેવીએનું ધરાવે છે.

(૨) મે. રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટસ લી.દ્વારા ડિપોઝીટ પેટે પંજાબ નેશનલ બેંક ની બેંક ગેરંટી નં – 0051ILG003719 રકમ રૂ.૩,૦૮,૬૪,૨૮૮/– તા.૦૬/૧૧/૨૦૧૯ આપવામાં આવેલ હતી. જેની મુદત તા.૦૫/૧૧/૨૦૨૧ ના રોજ પૂરી થયેલ હતી.

(૩) પીજીવીસીએલ રૂરલ વિભાગીય કચેરી દ્વારા GERC ના નોટીફીકેશન નં–૦૮/૨૦૦૫ કલોઝ નં–૪.૧૩ મુજબ ગ્રાહક દ્વારા બેંક ગેરંટી મોડી જમા થયેલ હોય સરચાર્જ પેટે રકમ રૂ.૩૨,૯૭,૮૨૭/– ઓકટોબર–૨૦૨૨ ના માસમાં રકમ ડેબીટ કરવામાં આવેલ છે. જેમાં, તા.૦૬/૧૧/૨૦૨૧ થી તા.૨૬/૦૯/૨૦૨૨ સુધીના સમયગાળા નો જ સરચાર્જ ની ગણતરી ધ્યાને લેવામાં આવેલ છે. ગ્રાહકશ્રી દ્વારા તા.૨૭/૦૯/૨૦૨૨ ના રોજ પંજાબ નેશનલ બેંકની બેંક ગેરંટી અત્રેની કચેરીમાં રજૂ કરેલ છે.

**PRAYER :**

સદર ઉપરોકત બાબતો ધ્યાને લેતાં, બિલ નિયમ સરચાર્જ લેવામાં આવેલ હોય, ગ્રાહકની રજૂઆત ગ્રાહય ન રાખવા અપીલ છે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે.રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટસ લી., ગ્રાહક નં–૨૪૦૨૭ થી એચ.ટી. વિજ જોડાણ ધરાવે છે. તેમજ પ્રતિવાદી ની ગ્રામ્ય વિભાગીય કચેરી દ્વારા તેમની સીકયોરીટી ડિપોઝીટ વિલંબ થી જમા કરાવવા પર વસુલવામાં આવેલ સરચાર્જ અંગેની રજૂઆત ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૨૬/૧૨/૨૦૨૨ ની પ્રથમ રૂબરૂ સનાવણીમાં બંને પક્ષકારો ના પ્રતિનિધિ હાજર છે. તથા તેમની રજૂઆતો કરેલ છે. આ તબકકે વાદી દ્વારા સીકયોરીટી ડિપોઝીટ અંગેનું જરૂરી બેંક સર્ટીફીકેટ રજૂ કરવા મુદત માંગવામાં આવેલ.

૩.૩ આ અંગે આજરોજ તા.૧૨/૦૧/૨૦૨૩ ની બીજી સુનાવણી માં બંને પક્ષકારોના પ્રતિનિધિઓ હાજર રહી પોતાની રજૂઆત–દસ્તાવેજ રજૂ કરેલ છે. વાદી દ્વારા બેંક સર્ટીફીકેટ રજુ કરી તેમની અગાઉની રજૂઆત

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

ફરીથી કરેલ છે. જેમાં બેંક દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે કે. " **In other word, this bank guarantee is valid and effective up to 12 months from the date of original date of expiry and the respondent can lodge claim under this bank guarantee, within 12 months from the date of expiry."**

જેને લઇ વાદી એ રજૂઆત કરેલ છે. **The bank has clarified the same in its letter dtd. 11.01.23 to the respondent. A copy of the same is annexed herewith for your ready reference please considering the above fact, the earlier Bank guarantee provided by us on 06.11.2019 is valid for claim up to 05.11.2022 and the same is fulfilling the requirement of Security til 05.11.2022.**
**Accoridingly, the interest debited in our account is illegal and we request Hon'ble forum to quash the same and issue directive to respondent to revise the bill accordingly.**

૩.૪ પ્રસ્તુત કેસમાં વાદી મે.રૂદ્ર ગ્લોબલ ઈન્ફ્રા પ્રોડકટસ લી. દ્વારા ડિપોઝીટની બેંક ગેરંટી તા.૦૫/૧૧/૨૦૨૧ ના રોજ પૂર્ણ થતી હતી તે તા.૨૭/૦૯/૨૦૨૨ ના રોજ રીન્યુ કરવામાં આવતા, પ્રતિવાદી દ્વારા તા.૦૬/૧૧/૨૦૨૧થીતા.૨૬/૦૯/૨૦૨૨ના સુધીના સમયની સરચાર્જ રીકવરી નોટીફીકેશન નં–૦૮/૨૦૦૫ નો કલોઝ નં–૪.૧૩ મુજબ રૂા.૩૨,૯૭,૮૨૭.૯૩ ઓકટોબર–૨૦૨૨ ના બીલમાં ડેબીટ કરવામાં આવેલ છે. નોટીફીકેશનનં – ૦૮/૨૦૦૫ના કલોઝ નં–૪.૧૩ નીચે મુજબ છે.

**4.13 : The consumers shall pay the further Security Deposit within thrity days from the date of service of lthe demand notice issued by the licensee. If there is any delay in payment, the consumer shall pay surcharge thereon at 0.25% per week or at such rate may be fixed by the Commission from time to time.**

**3.૫** આ અંગે વાદીની રજૂઆત મુજબ બેંક ગેરંટી ના કલોઝ નં– ૭ ને ઘ્યાન પર મુકવામાં આવેલ છે.

" Not withstanding anything to the contrary contained herein above, this bank guarantee shall be valid and effective for enabling the distribution company to lodge a claim for payment under this bank guarantee within 12( Twelve) months after the original date of expiry or the extended date of expiry ( as case may be).

**3.૬** ઉપરોક્ત સંજોગોમાં જણાય છે કે પ્રતિવાદી દ્વારા નોટીફીકેશનનં – ૦૮/૨૦૦૫ના કલોઝ નં–૪.૧૩ માં દર્શાવ્યા મુજબની સિક્યુરીટી ડીપોઝીટ સમયસર રીન્યુ કરવા અંગેની કોઈ નોટીસ વાદી ને આપવામાં આવેલ નથી. આમ, જી.ઈ.આર.સી. ની ગાઈડલાઈન મુજબની કાર્યવાહી કરેલ નથી, અને સીધો જ ગ્રાહકના ખાતામાં સરચાર્જની રકમ ઉધારી ઓકટો-૨૨ માં વસુલેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આ તબક્કે ફોરમ દ્વારા વાદીએ રજુ કરેલ તા. ૧૧.૦૧.૨૦૨૩ ના બેંક સર્ટીફીકેટની પણ નોંધ લીધેલ છે. જે તમામ બાબતો ધ્યાને લેતા વાદી પાસેથી વસુલેલ સરચાર્જની રકમ જમા આપવાપાત્ર જણાય છે આથી હુકમ કરવામાં આવે છે કે ઓક્ટોબર-૨૦૨૨ના બીલમાં વસુલ કરેલ સરચાર્જની રકમ રૂ. ૩૨,૯૭,૮૨૭/૯૩ ગ્રાહકના ખાતામાં મજરે આપવી અને કરેલ કાર્યવાહીની ફોરમને દિન-૧૫માં જાણ કરવી.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

ફોરમના ચેરપર્સન અને સ્વતત્ર સભ્યશ્રી ના નિર્યણ સામે ટેકનીકલ સભ્યશ્રી અસમંત હોય તેઓ દ્વારા નીચે મુજબની નોંધ અપાયેલ છે.

" I am not agree with the above decision, as it is clearly narrated in clause No. 4.13 that 0.25% Surcharge is liable to pay by consumer on delay submission of Bank Guarantee. The consumer already knows that he has to provide new Bank Guarantee & except M/s Rudra Global infra Product Ltd. No such issue arise in any consumers Bank Guarantee.

The consumer has argued that PGVCL can claim Bank Guarantee up to 05.11.22 i.e up to 3 years, however on other side he submitted Bank Guarantee, on dtd. 27.09.2022. This shows that he fully aware about submission of Bank Guarantee in time, but argued wrongly to get advantage of surcharge which is not acceptable. "

(એન.આઈ.ઉપાધ્યાય)
ટેકનીકલ સભ્યશ્રી

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૯ જાહેરનામાં ૨/૨૦૧૯ ની કલમ ૨.૨૭ મુજબ " ફોરમના તમામ નિર્ણયો બને ત્યાં સુધી, સર્વાનુમતે અથવા હાજર સભ્યોની બહુમતીના આધારે લેવાશે. બાબત સંભાળતા સભ્ય, બીજા સભ્યોએ લીધેલા નિર્ણય સાથે સમંત ન હોય તો, તે કારણો સહીત પોતાના વિરોધની નોંધ કરશે. પરંતુ કેસની સુનાવણી કરતા બહુમતી સભ્યોએ લીધેલો નિર્ણય પ્રવર્તમાન ગણાશે." તેમજ ૨.૫૦ મુજબ " ફોરમની કાર્યવાહી અને નિર્ણયોની નોંધણી કરાશે અને કારણો દ્વારા તેનું સમર્થન કરાશે. હુકમ કારણયુક્ત હુકમ હશે અને તેના પર કાર્યવાહી હાથ ધરનાર સભ્યો સહી કરશે. હુકમની ભાષા અંગ્રેજી કે ગુજરાતી રહેશે. હુકમ ગુજરાતી ભાષામાં કરવા માટે ફરીયાદીએ ખાસ વિનંતી કરી હોય તો, ફોરમ આવી વિનંતી સ્વીકારશે અને હુકમ ગુજરાતીમાં અથવા હુકમ ગુજરાતીમાં ભાષાંતર કરીને પસાર કરશે. કોઈ મુદા કે મુદાઓ પર સભ્યોમાં મતભેદ ઉભો થાય ત્યાં, બહુમતીના અભિપ્રાય પ્રમાણે ફોરમનો હુકમ અપાશે. અલબત બહુમતીના અભિપ્રાય નોંધવામાં આવશે, જે હુકમનો ભાગ બનશે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–3૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar